GJDH030016192023

**દેવગઢ બારીઆના મહે. એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ–દેવગઢ બારીઆ, જીલ્લા–દાહોદ.**

**ક્રીમીનલ કેસ નં.૧૧૧૧/૨૦૨૩**

**ફરીયાદી:** **ધી પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી., દેવ.બારીઆ શાખાના અધિકૃત અધિકારી અને એજન્ટ ઈન્સ્પેકટરશ્રી, સ્નેહલભાઈ શશીકાંત શાહ મારફતે**

**વિરૂધ્ધ**

**આરોપી:** **સુમિત્રાબેન મહેશભાઈ પટેલ.**

**આંક–૧ હેઠળ હુકમ**

આ કામના ફરીયાદીએ નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ અત્રેની અદાલતમાં વર્ષ ૨૦૨૩ માં દાખલ કરેલ છે. ત્યારબાદ સદર કામ ઘણા લાંબા સમયથી આરોપીને વોરંટ બજવા ઉપર ચાલેલ. પરંતુ આરોપીને વોરંટની બજવણી થઈ શકેલ નહી. જેથી અત્રેની કોર્ટ દ્વારા આ કામના ફરીયાદીને આંક – ૨૫ થી હાજર રહી કામ આગળ ચલાવવા નોટીસ કરવામાં આવેલ, જે બજી ગયેલ તેમ છતાં આ કામના ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ નહી. આમ, ફરીયાદીની બેદરકારીના કારણે સદર કેસ આગળ ચાલી શકતો નથી તથા ફરીયાદીને સદર ફરીયાદ આગળ ચલાવવામાં કોઇ રસ હોય તેમ જણાતુ નથી. તેથી સદર ફરીયાદને વધુ મુદત નીમવી ન્યાયોચિત જણાતુ નથી. આ તબક્કે ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૬ માં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેતા, સદર ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૬ અન્વયે કાઢી નાંખી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૧૧ મી,** માહે **જૂન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૧.૦૬.૨૦૨૬**
**દેવગઢ બારીઆ.**

**એસ.ઓ.ગર્ગ**
**એડી.જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ.**
**(UI Code: GJ01738)**